## જન્મદિને વધામણી


પંકજરાજ એમ શાહ
મો. ૯૮૨૫૫ ૮૪૫૨૫


અનંતરાય એમ મહેતા
પ્રેસ બાઈન્ડર


કરણ વી શર્મા


હાર્દિકા રાજેશ ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯


ઋતુ નયન સોલંકી
મો. ૮૭૩૩૯ ૭૯૨૮૨


દિશા એલ સોલંકી
મો. ૯૮૭૯૫ ૪૦૬૫૮


દ્રષ્ટિ એલ સોલંકી
મો. ૯૯૨૫૨ ૪૦૬૫૮


હર્ષ કમલેશભાઈ પરીખ
મો. ૯૯૨૫૧ ૪૪૮૦૧

# રાજ્યમાં નવા સત્રથી બે હજાર 'પ્રજ્ઞા' સ્કૂલ શરૂ કરવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજ્યમાં જૂન-૨૦૧૬થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષથી બે હજાર પ્રજ્ઞા અભિગમ ધરાવતી પ્રાથમિક સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે, જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૪૦ સ્કૂલ્સ

પ્રજ્ઞા પ્રોજેક્ટમાં પ્રાપ્ત થયેલી સફળતાને જોતા આગામી વર્ષથી વધુ સ્કૂલોનો તેમાં સમાવેશ કરાશે. રાજ્યમાં ૨૦૧૦-૧૧માં પ્રજ્ઞા પ્રોજેક્ટ અમલમાં આવ્યો ત્યારથી લઈને દરવર્ષે પ્રજ્ઞા સ્કૂલોની સંખ્યામાં સતત વધારો કરાયો છે. આગામી વર્ષોમાં રાજ્યની લગભગ તમામ પ્રાથમિક સ્કૂલો પ્રજ્ઞા સ્કૂલો બનશે. ઉપરાંત જૂન-૨૦૧૫થી જે પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૧ અને ધોરણ-૨માં પ્રજ્ઞા પ્રોજેક્ટનો અમલ થયો હતો તેમણે જૂન-૨૦૧૬થી ધોરણ-૩ અને ૪માં પ્રજ્ઞા પ્રોજેક્ટનો અમલ કરવાનો રહેશે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૦-૧૧માં રાજ્યની ૨૫૮ શાળાના ધોરણ-૧ અને ધોરણ-૨માં પ્રજ્ઞા અભિગમનો અમલ શરૂ કરાયો હતો. હાલમાં રાજ્યની ધોરણ-૧થી ૫ની ૫૦૦ સ્કૂલો, ધોરણ-૧થી ૪ની ૧૫,૫૦૦ સ્કૂલો અને ધોરણ-૧થી ૨માં ૪ હજાર સ્કૂલોમાં પ્રજ્ઞા પ્રોજેક્ટ અમલમાં છે અને તે પ્રમાણે શિક્ષણકાર્ય કરવામાં આવી રહ્યું છે.

પ્રજ્ઞા અભિગમ મુજબ શિક્ષણકાર્ય માટે પ્રથમ વખત જોડાતી શાળામાં ધોરણ-૧ અને ૨માં પ્રજ્ઞા અભિગમ મુજબ શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે. તેમજ બીજા વર્ષે આ શાળાના ધોરણ-૩થી ૪માં પ્રજ્ઞા અભિગમ અમલમાં મુકવામાં આવે છે. રાજ્યમાં નવી બે હજાર સ્કૂલોમાં ધોરણ-૧ અને ૨માં પ્રજ્ઞા પ્રોજેક્ટનો અમલ શરૂ કરાશે. જેમાં સૌથી વધુ પ્રજ્ઞા સ્કૂલ બનાસકાંઠામાં ૧૪૫ શરૂ થશે. આ ઉપરાંત દાહોદ અને કચ્છમાં ૧૦૦ સ્કૂલો પ્રજ્ઞા સ્કૂલ તરીકે કાર્યરત થશે.

આગામી સત્રાથી અમદાવાદમાં ૫૦, અમરેલીમાં ૫૦, આણંદમાં ૬૫, અરવલ્લીમાં ૭૫, બનાસકાંઠામાં ૧૪૫, ભરૂચમાં ૬૦, ભાવનગરમાં ૬૦, બોટાદમાં ૨૦, છોટાઉદેપુરમાં ૮૦, દાહોદમાં ૧૦૦, ડાંગમાં ૨૫, દેવભૂમિ દ્વારકામાં ૪૦, ગાંધીનગરમાં ૪૦, ગીર સોમનાથમાં ૩૫, જામનગરમાં ૫૦, જૂનાગઢમાં ૫૦, કચ્છમાં ૧૦૦, ખેડામાં ૮૫, મહેસાણામાં ૬૫, મહિસાગરમાં ૭૫, મોરબીમાં ૩૫, નર્મદામાં ૪૦, નવસારીમાં ૪૫, પંચમહાલમાં ૮૫, પાટણમાં ૫૦, પોરબંદરમાં ૨૦, રાજકોટમાં ૫૫, સાબરકાંઠામાં ૭૫, સુરતમાં ૬૦, સુરેન્દ્રનગરમાં ૫૫, તાપીમાં ૫૦, વડોદરામાં ૬૫, વલસાડમાં ૬૦, અમદાવાદ શહેરમાં ૨૦, સુરત શહેરમાં ૧૦ અને વડોદરા શહેરમાં પાંચ પ્રજ્ઞા સ્કૂલ શરૂ કરવામાં આવશે.

**પ્રજ્ઞા અભિગમ સ્કૂલ -**

એટલે પ્રવૃત્તિ અધારિત જ્ઞાન. અન્ય પ્રાથમિક સ્કૂલોમાં અપાતા બીબાંઢાળ શિક્ષણ કરતાં આ સ્કૂલોમાં શિક્ષણ આપવાની પધ્ધતિ થોડીક જુદી હોય છે. અહીં વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ કરતાં-કરતાં શિક્ષણ મેળવે છે.

### જીએનએલયુ ખાતે

## વિદ્યાર્થીઓ માટે રિસર્ચ બેઝ્ડ પ્રેઝન્ટેશન યોજાયું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના પાદરે સ્થિત ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે રિસર્ચ બેઝ્ડ ટીચિંગ યુનિવર્સિટી પ્રેઝન્ટેશનનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના ઓરીએન્ટેશ હૉલ ખાતે બે દિવસ દરમ્યાન આયોજિત આ પ્રેઝન્ટેશનમાં વિદ્યાર્થીઓ સમક્ષ દરેક ફૅકલ્ટી મૅમ્બર દ્વારા પોતાના વિષયનું પ્રેઝન્ટેશન, કોર્સ આઉટલાઈન સાથે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું

આ પ્રેઝન્ટેશન સેમિનાર યુનિવર્સિટીના ડિરેક્ટર પ્રો. ડૉ. બિમલ ઍન પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો, જેમણે પણ આ પ્રેઝન્ટેશન દરમ્યાન ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ઉપરાંત ઍકેડેમીક કાઉન્સીલ મૅમ્બર પ્રૉ. યોગેશ મહેતા અને પ્રૉ. ઍન કે પાઠકે પણ વિદ્યાર્થીઓને પોતાનાં ઉપયોગી સૂચનો આપ્યાં હતાં.


ગાંધીનગરના વાણિજ્ય જગતમાં અગ્રણી ગૃહ ગણાતા મીનાક્ષી પરિવાર ગૃપની દીકરી દેવાંશી નિશીત વ્યાસે ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ફર્મેસન કૉમ્યુનિકેશનમાં ટૉપ-૧૦માં સ્થાન મેળવ્યું છે. દેવાંશી હાલ કૉમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કોલંબિયા યુનિવર્સિટીમાં કરી રહી છે. ડીએ-આઈઆઈસીટી ખાતે આયોજિત પદવીદાન સમારોહમાં તેને આ ગૌરવપ્રદ પદવી એનાયત કરવામાં આવી હતી.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કલ્પતરુના સૌજન્યથી

## શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૭

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ મુવાડાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બે શાળાઓમાં આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાસણા સોગઠી અને શિયાવાડાની પ્રાથમિક શાળાનાં બાળકોને તપાસી જરૂરી હોય એ બાળકોને દવા આપવામાં આવી હતી.

આ સેવાકાર્યમાં ડૉ. શ્રી અને શ્રીમતી ચિતણીયા, ડૉ. બોઘાણી, મિલિન્દભાઈ, આરોગ્ય કેન્દ્રના ગોસ્વામીભાઈએ પોતાની સેવાઓ આપી હતી.

આરોગ્ય તપાસ કાર્યક્રમનું આ સમગ્ર આયોજન કલ્પતરુ દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વઝીર
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રોમાન્ટ કોમ્પ્લીકેટેડ (ગુજ.)
૬.૩૦

**સ્ક્રીન-૩**
ચૉક ઍન્ડ ડસ્ટર
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ
૨.૦૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦, ૯.૪૫
છેલ્લો દિવસ
૭.૦૦

**સ્ક્રીન-૫**
વઝીર
૭.૦૦
રોમાન્સ કોમ્પ્લીકેટેડ
૧૦.૦૦, ૧.૦૦
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૧૨.૩૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦
દિલવાલે
૧૦.૦૦

# સૅક્ટર-૬ ખાતે સફાઈ અભિયાન







## મેયર અને ડેપ્યુટી મેયરે લારી-ગલ્લાવાળાઓને સ્વચ્છતા જાળવવા માટે સમજાવ્યા

કલાકારોની બનેલી ગાંધીનગર શહેરની સિનિયર સંસ્થા જી ઈ ક્લબ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે સૅક્ટર-૬ ખાતે રવિવારે સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા, નહેરૂ યુવા કેન્દ્ર, ભુવનેશ્વર યુવક મંડળ, મીરાં ભજન મંડળનો સહયોગ પ્રાપ્ત થયો હતો. રવિવારે સવારથી જ આ સંસ્થાઓના સભ્યો, જેમાં સફાઈ અભિયાનમાં લાગી ગયા હતા. કેટલાક સભ્યોએ તો પોતાના પરિવારજનો સાથે આ સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો. સૅક્ટર-૬ ખાતે અપના બજાર આસપાસના વિસ્તારમાં આ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જે દરમ્યાન કચરો ઉપરાંત જમીન પર પડેલ પ્લાસ્ટિક ઉપાડવાની કામગીરી ખાસ હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર હંસાબેન મોદી તથા ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પણ સફાઈ અભિયાનમાં પોતાનું યોગદાન તો આપ્યું જ હતું પરંતુ એનાથી પણ એક ડગલું આગળ વધીને સ્થાનિક નાના વેપારીઓને સ્વચ્છતા જાળવવા માટે સમજાવ્યા હતા. મેયર અને ડેપ્યુટી મેયરે અપના બજાર પાસે ઊભા રહેતા લારી-ગલ્લાવાળાઓને એકત્ર કર્યા હતા અને સૌપ્રથમ તેમને પોતાની આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા માટે સમજાવ્યા હતા. સ્વચ્છતા જાળવવા માટે મોટી કચરાપેટી અથવા અન્ય જે કોઈ સહાય જોઈએ એ મહાનગરપાલિકા તરફથી આપવાની બાંહેધરી આપી આ વેપારીઓને સ્વચ્છતાનું પાલન કરવા માટે સમજાવ્યા હતા. વેપારીઓએ પણ તેમની વાત ધ્યાનથી સાંભળી પૂરતો સહયોગ આપવાની ખાતરી આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગામ, નગર કે શહેરોને સ્વચ્છ રાખીએ

સામાન્યતઃ આપણે સૌ દિનચર્યા પ્રારંભે ધ્યાન, દેવ કે આસ્થાના કોઈપણ નામ સ્મરણથી મનને સાફ કરીએ છીએ, મોં, હાથપગને ધોવાની શારીરિક પ્રવૃત્તિઓ સાથોસાથ ઘરના ભોંયતળીયાની સફાઈ, કપડાં ધોવા સહિત રોજીંદી કામગીરીનો પ્રારંભ કરીએ છીએ. એક તરફ સુરજ અજવાળુ પાથરે છે. બીજી બાજુ નાનામોટા વ્યવસાય કે કામધંધા માટે ફેરીયા, શાકભાજી કે ચ્હા-પાણીના લારી ગલ્લાવાળા, દુકાનો કે કારખાનાવાળાઓ પણ તેઓના રોજીરોટીના સ્થળની રોજબરોજ સફાઈ કરે છે. આપણા સમાજને સ્વચ્છતાનો વારસાગત ગુણ મળેલ છે.

લોકજીવનની આ જ દિનચર્યામાંથી દિવસના અંતે નિપજતો બિનઉપયોગી ચીજવસ્તુઓના કચરાને વર્તમાન સમય વૅસ્ટ તરીકે હવે વધુ ઓળખે છે. દરેક વ્યક્તિમાં આ કચરો પોતાના વ્યવસાયની હદ બહાર ફેંક્યા બાદ આ કચરા પ્રતિ અછૂતનો ભાવ થાય છે. અને તેના પ્રતિ દૂર્લક્ષ સેવવામાં આવે છે. આપણી આ પ્રતિક્રિયાને સમાજની સ્વાભાવિક ટેવ તરીકે ખપાવવામાં આવી છે!



હાલમાં, સમગ્ર દેશમાં સ્વચ્છતા ઝુંબેશને અગ્રતા આપવામાં આવી રહી હોય તેવો પ્રચાર-પ્રસાર વિશેષ જોવા મળે છે. આ બાબતે, ગુજરાતની પણ વાત કરીએ, તેમાં વાસ્તવિકતા વચ્ચે બહોળું અંતર જોવા મળે છે. તંત્ર દ્વારા સ્થાનિક સંસ્થાઓને આર્થિક કે સાધનોથી સજ્જ કરવામાં આવી રહ્યા છે.

આથી, જે તે ગામ-નગર પાલિકા કે મહાનગરપાલિકાઓનો વહિવટ મજબૂત બને છે, ત્યાં નગરના કચરાનું ક્લેકશન કરવા માટે ડોર-ટુ-ડોર કચરો ઉપાડવાના પ્રયત્નો સારી રીતે આગળ વધી રહ્યા છે.

કોઈપણ કચરાના સુચારૂ વહિવટ માટે અંગ્રેજીમાં પ્રચલિત ૪ઈ- રિડ્યૂસ, રિયૂઝ, રિસાયકલ, રિપ્રોડ્યૂસની પદ્ધતિ સર્વમાન્ય બની રહી છે. નગરપાલિકાના કચરાના યોગ્ય વ્યવસ્થાપન માટે કચરાને ઠેકઠેકાણેથી ભેગો કરવો, કચરાના પ્રકાર મુજબ અલગ કરવો, યોગ્ય ઠેકાણે એકઠો કરવો, એકથી બીજા સ્થળે ટ્રાન્સપોર્ટ કરવો, પદ્ધતિસર કચરાને પ્રોસેસ કરવો અને છેલ્લે વૈજ્ઞાનિક ઢબે આખરી નિકાલ કરવાના પગલાં તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યા છે.

અગાઉ જણાવ્યા મુજબ ડોર-ટુ-ડોર કચરો ઉપાડવાની દેખીતી ચહલ-પહલથી આપણે ખુશ છીએ, અને માની લઈએ છીએ કે બાકીની બાબતો બરોબર ચાલતી હશે ! અહીંયા જ મોટી ખામી રહી છે. પચાસ ટકાથી વધુ કચરો, જેમનો તેમ, ડમ્પીંગ સ્થળે ઢગલારૂપે રોજબરોજ વિકરાળ બનતો જાય છે. જેમાં, પ્લાસ્ટિકના કચરાનો હિસ્સો નોંધપાત્ર રહે છે. આ સમસ્યા માત્ર એક જ શહેર કે નગરની નથી. સમગ્ર રાષ્ટ્રની છે.

**- નરેશ ઠાકર**

nareshkthakar@gmail.com

### આપણે શું કરી શકીએ ?

- પ્રસંગોમાં પાણી પીવા માટે અપાતા પ્લાસ્ટિકના પાઉચ, ચ્હા-કૉફી માટે પ્લાસ્ટિકની નાની પ્યાલી કે નાસ્તાની ડિશો, પ્રસાદ વહેંચવા માટે અપાતી ડિસ્પોઝેબલ પ્લાસ્ટિકને બદલે પેપરના પ્યાલા-પ્યાલી, પેપર-ડીશનો જ વ્યાપક ઉપયોગ કરી શકીએ.
- પર્યાવરણને અનુકૂળ પરંપરાગત પડિયા-પતરાળાનો ઉપયોગ કરીને ગ્રીન ઈકોનોમી તરફ આગળ વધીએ.
- કોઈપણ પ્રકારના પ્લાસ્ટિકના કચરાને નગરના કચરામાં ભેગો ન જ નાંખીએ.
- કાર્પોરેટર કે પંચાયતના સભ્યને કચરાના આખરી નિકાલની વ્યવસ્થા બાબતે જાગૃત કરવા જોરદાર પૂછપરછ કરીએ. અને પ્લાસ્ટિકના કચરાનું ક્લેકશન સેન્ટર ક્યાં રાખ્યું છે ? તે જરૂર પૂછીએ. બાગ-બગીચા, રેલવે સ્ટેશન કે બસ સ્ટેન્ડ્સ સહિતના જાહેર સ્થળો ખાતે સ્વચ્છતા જાળવવા માટે થતા આયોજનમાં સહયોગી બનીએ.
- વ્યવસાય કે ધંધા-રોજગારવાળા સમુદાયો માટે પરસ્પર સાનુકૂળતા મુજબ વિચાર મંચનું આયોજન કરીએ.
- ધાર્મિક કે સામાજિક સભા, સરઘસ, કથા-વાચન કે ઉજવણીઓ દરમિયાન નિપજતા ફૂલો-પૂજાની સામગ્રીના કચરાના નિકાલ માટે આગોતરું યોગ્ય આયોજન કરીએ.
- સામાજિક કે રાજકીય સેમિનાર, વર્કશોપ, કોન્ફરન્સ જેવા અનેક કાર્યક્રમોના નાના મોટા અવસરો દરમિયાન પણ નિપજતા કચરાના યોગ્ય નિકાલની આગોતરી વ્યવસ્થાની જાણકારી મેળવીએ.
- સમાજીક મંડળો, એનજીઓ, રોટરી કે લાયન્સ ક્લબ જેવી સ્થાનિક કક્ષાએ સક્રિય સંસ્થાઓ સાથે મળીને શૈક્ષણિક સ્થળો ખાતે જનજાગૃતિ કાર્યક્રમો યોજીએ.
- સમાજના વાર્ષિકોત્સવમાં ચર્ચાના મુદ્દાઓમાં પર્યાવરણ અને સ્વચ્છતાના વિષયને આવરી લઈએ. બાળ, યુવા, વડીલો માટે નાની મોટી ગોષ્ઠી યોજીને ઈનામોથી પ્રોત્સાહિત કરીએ.
- નવા વિચારનો આવકારવા માટે સૂચન-પત્ર, મેસેજ, વ્હૉટ્સએપ, ઈ-મેઈલ, ફેસબુક, ટ્વિટર જેવા સોશિયલ મીડિયા મારફતે સક્રિય સૌને સક્રિય બનાવીએ.